ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આંકલાવના અંબાવ ગામમાં સરપંચ , તેના પરિવારજનોએ પેટ્રોલ છાંટી જીવતો સળગાવતાના કેસમાં નવો વળાંક આવ્યો

અંબાવમાં અરજદાર જાતે જ સળગ્યો હોવાનો ઘટસ્ફોટ

ભ્રષ્ટાચાર સામે અરજી કરનાર આધેડને સરપંચ પરિવારે સળગાવ્યો હોવાનો આક્ષેપ કર્યો હતો

(પ્રતિનિધિ) આંકલાવ તા.5

આંકલાવના અંબાવ ગામમાં ભ્રષ્ટાચાર બાબતે ફરિયાદો કરનાર વ્યક્તિને ગામના સરપંચ, તેના પતિ સહિત પરિવારજનોએ પેટ્રોલ છાંટી જીવતો સળગાવતા હાહાકાર મચી ગયો હતો. આ અંગે આંકલાવ પોલીસે સરપંચ સહિત પાંચ શખસ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પરંતુ તપાસમાં અલગ જ ઘટસ્ફોટ થયો હતો. જેમાં અરજદાર જાતે જ સળગ્યો હોવાનું બહાર આવ્યું હતું. આ અંગે આંકલાવ પોલીસે કાર્યવાહી શરૂ કરી હતી.

આંકલાવના અંબાવ ગામમાં રહેતા ભરતભાઈ ફુલસિંહ પઢિયાર ખેતી કામ કરે છે અને તેઓએ એક મહિના પહેલા ગામના સરપંચ કોકિલાબહેન દિનેશભાઈ પઢીયાર સામે ભ્રષ્ટાચારનો આક્ષેપ કર્યો હતો. આ અંગે ભરતભાઈએ તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા વિકાસ અધિકારી, મુખ્યમંત્રી સહિત ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી હતી. દરમિયાનમાં 4થી જાન્યુઆરીએ ભજનનો કાર્યક્રમ હોવાથી ભરતભાઈ આમંત્રણ આપવા ગામમાં નિકળ્યાં હતાં. તે સમયે એક કાર ધસી આવી હતી. જેમાં સરપંચ કોકિલાબહેન પઢિયાર, તેનો પતિ દિનેશ, પુત્ર રાજેશ ઉર્ફે પોપટ, નિલેશ

અને ભત્રીજો ઉતર્યાં હતાં. આ શખ્સો અપશબ્દ બોલવા લાગ્યાં હતાં અને અમારા વિરૂદ્ધ જિલ્લા વિકાસ અધિકારી, મુખ્યમંત્રીને ભ્રષ્ટાચાર બાબતે કેમ અરજી કરી છે ? તેમ કહી હુમલો કરી મારમારવા લાગ્યાં હતાં. આ હુમલામાં નિલેશ કારમાંથી ગેલન કાઢી લાવ્યો હતો અને ગેલનમાં રાખેલું પેટ્રોલ ભરતભાઇ ઉપર છાંટ્યું હતું. બાદમાં રાજેશ ઉર્ફે પોપટે માચીસ કાઢી આજે તેને જીવતો સળગાવી દેવાનો છે. તેમ કહી ચાંપી દીધી હતી. જોકે, ભરતભાઈએ બુમાબુમ કરતાં તેમના પુત્ર દોડી આવ્યા હતા અને આગ ઓલવવા કોશિષ કરી હતી. જેમાં તેમનો નાનો દિકરો કરુણેશ પણ દાઝી ગયો હતો. બાદમાં ખાનગી વાહનમાં તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જ્યાં ભરતભાઇની સ્થિતિ ગંભીર જણાતા વડોદરા ખસેડ્યાં હતાં. જોકે, પોલીસ તપાસમાં અન્ય હકિકત જ બહાર આવી હતી.

આંકલાવ પોલીસ સૂત્રોના જણાવ્યાનુસાર, ફરિયાદી ભરતભાઈ પઢીયાર દ્વારા પોતાના ઉપર જ્વલનશીલ પદાર્થ છાંટી જાતે જ સળગવા પ્રયત્ન કર્યો હતો. આ ઘટનાના સીસીટીવી ફુટેજ, વીડીયો ફુટેજ તેમજ અન્ય સાંયોગીક પુરાવા પણ પોલીસ દ્વારા તપાસમાં કબજે લેવામાં આવ્યાં છે. વધુમાં ઘટના વખતે સ્થળ પર હાજર અન્ય તટસ્થ સાહેદોના નિવેદનો પણ પોલીસ દ્વારા લેવામાં આવ્યાં છે. આ તમામ પુરાવાઓ આધારે એ સ્પષ્ટ થાય છે કે, ફરિયાદીને કોઈએ સળગાવવા પ્રયત્ન કર્યો નથી. પરંતુ ફરિયાદીએ જાતે જ પોતાની જાતને સળગાવવા પ્રયત્ન કર્યો છે. આ ગુનાની વધુ તપાસ હાલ ચાલુ છે. ફરિયાદીની સારવાર હાલમાં એસએસજી હોસ્પિટલમાં વડોદરા ખાતે ચાલી રહી છે.

ઝિમ્બાબ્વેની કંપનીએ કોપર સ્ક્રેપના બદલે હલકી કક્ષાનો કચરો મોકલ્યો

ચિખોદરા ગામની પેઢી સાથે ₹.4.15 કરોડની છેતરપિંડી

કેમિકલના નાણાં ઓહિયાં કરી 4.83 લાખ યુએસ ડોલરનો ચુનો લગાવ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.5

આણંદના ચીખોદરા સ્થિત મે. ટ્રેઝર કેમ ગાર્ડ એલએલપી નામની પ્રતિષ્ઠિત પેઢીના ભાગીદારો સાથે ઝિમ્બાબ્વેની એક કંપનીએ આંતરરાષ્ટ્રીય સ્તરે રૂ. 4.15 કરોડ (4,83,000 યુએસ ડોલર) ની ગંભીર છેતરપિંડી આચરી હોવાની ઘટના સામે આવી છે.

વડોદરાના રણોલીમાં રહેતા વિરેન્દ્ર ભગુભાઇ પટેલ અને શીરેનકુમાર મહેશભાઇ પટેલ ચીખોદરા ખાતે આંતરરાષ્ટ્રીય સ્તરે હોલસેલ ટ્રેડિંગનો વ્યવસાય કરે છે. ઝિમ્બાબ્વેની બ્લેક મેટલ ઇન્ટરનેશનલ કંપનીના સંચાલકો દિપક મોડ અને કૃણાલ મોડે પોતાનો કોપર સ્ક્રેપનો મોટો વ્યવસાય હોવાની ખાતરી આપી જ્યાં તેમને વ્યાજબી ભાવે કોપર સ્ક્રેપ આપવાનો વાયદો કરવામાં આવ્યો હતો. સામે પક્ષે વિશ્વાસ જીતવા માટે બ્લેક મેટલ કંપનીએ પહેલા કેમિકલ ખરીદવાની ઈચ્છા દર્શાવી હતી. જેના આધારે વિરેન્દ્ર પટેલે 26 ટન સલ્ફ્યુરિક એસિડ અને 24.395 ટન હાઇડ્રોક્લોરિક એસિડ જેવા કેમિકલ્સની નિકાસ કરી હતી, પરંતુ ગઠિયાઓએ આ માલના નાણાં ચૂકવ્યા નહોતા.

બીજી તરફ, કોપર સ્ક્રેપની આયાત માટે વિરેન્દ્ર પટેલ પાસેથી લાખો ડોલર એડવાન્સ પડાવી લેવામાં આવ્યા હતા. જ્યારે માલ મુન્દ્રા પોર્ટ પર આવ્યો ત્યારે તેના સીલ સાથે છેડછાડ થયેલી જોવા મળી હતી. 24.300 મેટ્રિક ટન માલના બદલે માત્ર 6160 કિલો હલકી કક્ષાનો ભંગાર કચરો મોકલી આપી છેતરપિંડી કરવામાં આવી હતી. આ ઉપરાંત, અન્ય એક 28 ટનનું કન્ટેનર ભાગીદારોની સંમતિ વગર બારોબાર અબુ ધાબી સગેવગે કરી દેવામાં આવ્યું હતું. આમ, કુલ 4.83 લાખ યુએસ ડોલરની ઠગાઈ બદલ વિરેન્દ્ર પટેલે દિપક મહેન્દ્રભાઇ મોડ અને કૃણાલ દિપકભાઇ મોડ (બંને રહે. ઝિમ્બાબ્વે) વિરુદ્ધ આણંદ રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધી હતી.

નડિયાદ APMCમાં પ્લાસ્ટિક પકડાતાં દુકાન સીલ કરાઇ

મનપાની સેનેટરી ટીમે ત્રણ સો કિલો ઉપરાંતનો જથ્થો સિલ કર્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા. 5

નડિયાદ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનો વપરાશ અને વેચાણ રોકવા માટે કડક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જેના ભાગરૂપે મનપાની સેનેટરી ટીમે પીપલગ રોડ પર આવેલી એક દુકાનમાં દરોડો પાડી અંદાજે 300થી 350 કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો ઝડપી પાડ્યો છે.

ચોક્કસ બાતમીના આધારે, સેનેટરી વિભાગની ટીમે પીપલગ APMC બહાર આવેલ 'કાકા પાન કોર્નર' નામની દુકાનમાં તપાસ હાથ ધરી હતી. સતીષભાઈ જાદવ દ્વારા ભાડેથી ચલાવવામાં આવતી આ દુકાનમાંથી 18 જેટલા પ્લાસ્ટિકના કટ્ટા મળી આવ્યા હતા, જેમાં અલગ-અલગ વજનના પેકેટનો સમાવેશ થાય છે. તંત્રએ તાત્કાલિક ધોરણે આ ગેરકાયદે જથ્થો જપ્ત કરી દુકાનને સીલ મારી દીધું છે.

તંત્રની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ પ્રતિબંધિત માલ ગંજ બજારની 'રોયલ એન્ટરપ્રાઇઝ' નામની પેઢી અને વડોદરાથી મંગાવવામાં આવતો હતો. ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ રોયલ એન્ટરપ્રાઇઝ સામે કાર્યવાહી કરી 10 હજારનો વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો હતો.

મનપાની આ આકસ્મિક કાર્યવાહીને પગલે પ્રતિબંધિત પ્લાસ્ટિક વેચતા વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

ફોનમાં 'રંગીલો' બનેલા પતિના ત્રાસથી પત્ની કંટાળી ગઇ

સિંહોલમાં લગ્નના માત્ર આઠ માસમાં જ પત્નીનો આપઘાત

અન્ય સ્ત્રીઓ સાથે ફોનમાં વ્યસ્ત રહેતા પતિ વિરુદ્ધ ગુનો દાખલ

(પ્રતિનિધી) પેટલાદ તા.5

પેટલાદના સિંહોલ ગામે લગ્નના માત્ર આઠ માસના ટૂંકા ગાળામાં જ એક નવોઢાએ પતિના માનસિક ત્રાસ અને ફોન પરની અન્ય સ્ત્રીઓ સાથેની વાતચીતથી કંટાળી આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ છે. પતિએ પત્નીને "ગમે ત્યાં જઈને મરી જા, મને ફાવે તેની સાથે વાતો કરીશ" કહી મરવા માટે દુષ્પ્રેરણા આપી હતી.

સિંહોલમાં રહેતા કુલદીપકુમાર નિલેશભાઈ જાદવ સાથે આઠ માસ અગાઉ જ દિપાલીબેન ના રંગેચંગે લગ્ન થયા હતા. જોકે, લગ્નજીવનના થોડા જ સમયમાં પતિની રંગીલી મિજાજ સામે આવી હતી. ગત 3જી જાન્યુઆરી, 2026ના રોજ દિપાલીબેને પોતાના ઘરે પંખા નીચે સાડી વડે ગળે ફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લીધી હતી. આ બનાવ અંગે મૃતકના પિતા રામાભાઈ બબુભાઈ સોલંકીએ મહેળાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદ મુજબ, કુલદીપ આખો દિવસ અન્ય સ્ત્રીઓ સાથે ફોન પર વ્યસ્ત રહેતો હતો. દિપાલીબેને આ બાબતે સસરાને ફરિયાદ કરતા, સસરાએ પુત્રને ઠપકો આપ્યો હતો. પરંતુ કુલદીપમાં કોઈ સુધારો આવ્યો નહોતો. જ્યારે દિપાલીબેને પતિને પૂછ્યું કે, ફોનમાં આખો દિવસ શું જોયા કરો છો ? ત્યારે કુલદીપ ઉશ્કેરાઈ કહ્યું હતું કે, તું મને ગમતી નથી, પપ્પાના કારણે મારે તારી સાથે લગ્ન કરવા પડ્યા છે. આમ, કુલદીપે પત્નીને યાતના આપતા કહ્યું હતું કે, તું તારા બાપાના ઘરે જતી રહે, નહીં તો ગમે ત્યાં જઈને મરી જા, મને ફાવે તેની સાથે હું વાતો કરીશ. પતિના આવા અપમાનજનક શબ્દો અને વારંવારના ત્રાસથી કંટાળીને અંતે દિપાલીબેને આત્મહત્યાનું આત્યંતિક પગલું ભર્યું હતું. હાલમાં પોલીસે મૃતકના પિતાની ફરિયાદના આધારે કુલદીપકુમાર જાદવ વિરુદ્ધ આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધ્યો હતો.

ચરોતર પંથકમાં હીમપવન ફુકાતા કાતિલ ઠંડીનો પ્રકોપ

લઘુત્તમ પારો 12.5 ડિગ્રીએ પહોંચતા જનજીવન ઠુંઠવાયું

(પ્રતિનિધિ) આણંદ તા 5

આણંદ જિલ્લામાં લઘુત્તમ તાપમાનનો પારો 12.5 ડિગ્રીએ પહોંચતા સમગ્ર ચરોતર પંથક કાતિલ ઠંડીમાં ઠૂંઠવાયો છે. વહેલી સવારે ગાઢ ધુમ્મસના કારણે સમગ્ર વિઝિબિલિટી પણ ઘટાડો થયો હતો.

આણંદમાં સોમવારે સવારે શિયાળાએ મિજાજ દર્શાવ્યો હતો. ઠંડીનો પારો ગગડીને 12.5 ડિગ્રીને અડકી ગયો હતો. જેથી કાતિલ ઠંડીનો અનુભવ થયો હતો. સવારના ગાઢ ધુમ્મસના વાતાવરણને કારણે વિઝિબિલિટી ઘટી ગઈ હતી. જેના પગલે વાહન ચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. દિવસ દરમિયાન પણ વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો.

હવામાન વિભાગના માહિતી મુજબ ઉત્તર દિશામાંથી પ્રતિ કલાક 5.6 કિમીની ઝડપે ફૂંકાતા ઠંડા પવનોએ ઠંડીની તીવ્રતામાં વધારો કર્યો હતો. મહતમ તાપમાન તાપમાન 26.2 ડિગ્રી નોંધાયુ હતું. હવામાં ભેજનું પ્રમાણ 88% નોંધાયું હતું. આણંદ શહેર સહિત સમગ્ર જિલ્લામાં આગામી દિવસોમાં ઠંડીનું જોર હજુ વધવાની શક્યતા સેવાઇ રહી છે. આગામી 48 કલાકમાં ઠંડીનું જોર વધવાની શક્યા સેવાઇ રહી છે. ઉત્તર-પૂર્વના ઠંડા પવનોની ગતિ જોતા આગામી બે દિવસમાં લઘુત્તમ તાપમાનનો પારો 10 થી 11 ડિગ્રી સુધી પહોંચી શકે છે. ઠંડીના અચાનક વધારાને કારણે રવિ પાક ખાસ કરીને ઘઉં તમાકુ અને ચણાના પાક માટે આ વાતાવરણ ફાયદાકારક ગણાય છે.

કોંગ્રેસ દ્વારા પોલીસની નિષ્ક્રિયતા સામે ઉગ્ર દેખાવો યોજી પોલીસ અધિક્ષકને આવેદનપત્ર પાઠવ્યું

નડિયાદમાં દલિત દીકરીઓની સુરક્ષા મુદ્દે કોંગ્રેસે દેખાવો યોજ્યાં

અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી અને સીસીટીવી કેમેરા લગાવવાની માંગ

(પ્રતિનિધિ) નડિયાદ તા.5

નડિયાદ પશ્ચિમ પોલીસ મથક વિસ્તારમાં અનુસૂચિત જાતિની દીકરીઓની સુરક્ષા કરવામાં પોલીસ તંત્ર નિષ્ફળ રહ્યું હોવાના આક્ષેપ સાથે આજે કોંગ્રેસ દ્વારા ઉગ્ર દેખાવો કરવામાં આવ્યા હતા. શહેર અને જિલ્લા કોંગ્રેસના અગ્રણીઓએ ભેગા મળીને પોલીસ અધિક્ષકને આવેદનપત્ર પાઠવ્યું હતું, જેમાં પોલીસની શંકાસ્પદ બેદરકારી સામે ભારે રોષ વ્યક્ત કરી અસામાજિક તત્વો સામે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી.

આ આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, છેલ્લા એક અઠવાડિયા કરતા વધુ સમયથી 40 થી વધુ અનુસૂચિત જાતિની દીકરીઓ અસુરક્ષિત હોવા છતાં સ્થાનિક પોલીસ દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. કોંગ્રેસના નેતાઓએ આક્ષેપ કર્યો હતો કે પોલીસની ઢીલી નીતિને કારણે વિસ્તારમાં લુખ્ખા તત્વો બેફામ બન્યા છે. રાત્રિના સમયે પેટ્રોલિંગ અને સુરક્ષા વ્યવસ્થાના અભાવને કારણે દીકરીઓ અને વાલીઓમાં સતત ભયનો માહોલ

ફેલાયેલો છે. આ સંવેદનશીલ મામલે સરકાર અને વહીવટી તંત્ર બંને નિષ્ફળ સાબિત થયા હોવાનું કોંગ્રેસે જણાવ્યું હતું.

કોંગ્રેસ દ્વારા માંગણી કરવામાં આવી છે કે આ ઘટનામાં સંડોવાયેલા તમામ ગુનાહિત તત્વોની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે અને ફરજમાં બેદરકારી દાખવનાર પોલીસ અધિકારીઓ સામે ઉચ્ચસ્તરીય તપાસ કરી કડક પગલાં ભરવામાં આવે. ખાસ કરીને છાત્રાલય વિસ્તારમાં દીકરીઓની સલામતી માટે કાયમી પોલીસ બંદોબસ્ત ગોઠવવા, સમગ્ર વિસ્તારને સીસીટીવી કેમેરાથી સજ્જ કરવા અને રાત્રિ પેટ્રોલિંગ સઘન બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આ પ્રસંગે કોંગ્રેસના અનુસૂચિત જાતિ મોરચાના પ્રદેશ મહામંત્રી દિનેશચંદ્ર રાઠોડ અને અન્ય હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. કોંગ્રેસે ચીમકી ઉચ્ચારી હતી કે જો આગામી ટૂંક સમયમાં યોગ્ય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં નહીં આવે, તો રાજ્ય સ્તરે ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

આણંદમાં પ્રતિબંધિત દોરી સાથે બે શખસ પકડાયાં

મહેળાવ અને વિદ્યાનગરમાંથી ચાઇનીઝ દોરીનો જથ્થો ઝડપાયો

(પ્રતિનિધિ) આણંદ તા.5

આણંદમાં ઉત્તરાયણના તહેવાર આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે વહીવટી તંત્ર દ્વારા પ્રતિબંધિત કરવામાં આવેલી ચાઇનીઝ દોરીનું વેચાણ કરતા તત્વો સામે પોલીસે લાલ આંખ કરી છે.

મહેળાવ પોલીસને મળેલી બાતમીના આધારે સંજામ ગામથી બામરોલી તરફ જતા માર્ગ પર વોચ ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન પોલીસે બામરોલી જાંબુડીયા વિસ્તારમાંથી પસાર થતા રાહુલભાઇ હર્ષદભાઇ પરમાર (રહે. બામરોલી) નામના એક્ટિવા ચાલકને અટકાવ્યો હતો. એક્ટિવાની ડેકીની તપાસ કરતા તેમાંથી કુલ 20 નંગ ચાઇનીઝ ફિરકીઓ મળી આવી હતી. પોલીસ પૂછપરછમાં આ જથ્થો તેણે ગામના મિત્રો ધર્મેશ ગોતા પરમાર, હિતેશ શના પરમાર અને તેના કાકા સંજય ભલા પરમાર પાસેથી મેળવ્યો હતો. પોલીસે ચારેય શખ્સો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

એલસીબીએ વિદ્યાનગરના રામાભાઇ કાકા માર્ગ પર રોડની બાજુમાં આવેલી ખુલ્લી જગ્યામાં રેડ કરી હતી. જ્યાં મીણીયાની થેલીમાં ચાઇનીઝ દોરી રાખીને વેચાણ કરવા ઉભેલા એક્ટિવા ચાલક મોહમંદ જુનેદ શેખ (રહે. પેટલાદ) ને કોર્ડન કરીને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી 42 નંગ ચાઇનીઝ ફિરકીઓ મળી આવતા વસીમોદ્દીન ઉર્ફે મોન્ટી અને સારીકમહંમદ શેખ સામે નોંધ્યો હતો.

ખેડા જિલ્લામાં 92 હેક્ટર વિસ્તારમાં ઓઇલપામનું વાવેતર સંપન્ન

ખેડા જિલ્લાના વીણા ગામમાં મેગા ઓઇલપામ પ્લાન્ટેશન ડ્રાઇવ યોજાઈ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.5

નેશનલ મિશન ઓન એડીબલ ઓઈલ્સ-ઓઈલપામ અંતર્ગત ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના વીણા ગામમાં મેગા ઓઈલપામ પ્લાન્ટેશન ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ રાજ્યના બાગાયત વિભાગ અને પતંજલિ ફૂડ લિમિટેડના સંયુક્ત ઉપક્રમે આત્મનિર્ભર ભારત જુંબેશના ભાગરૂપે યોજાયો હતો. જેનો મુખ્ય હેતુ ખાદ્ય તેલના ઉત્પાદનમાં દેશને સ્વાવલંબી બનાવવાનો અને ખેડૂતોને આધુનિક ખેતી તરફ વાળવાનો છે.

આ અભિયાન અંતર્ગત વીણા ગામના પ્રગતિશીલ ખેડૂત ઈન્દ્રજીતભાઈ બારોટના ખેતરમાં ટેનેરા જાતના ઓઈલપામના રોપાઓનું 0.83 હેક્ટર જમીનમાં સફળતાપૂર્વક વાવેતર કરવામાં આવ્યું હતું. પરંપરાગત ખેતીના સ્થાને ઓઈલપામની

ખેતી અપનાવીને સ્થિર આવક મેળવવાનો નવો અભિગમ સ્વીકારવામાં આવ્યો છે. ખેડા જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ 92 હેક્ટર વિસ્તારમાં ઓઈલપામનું વાવેતર થઈ ચૂક્યું છે, જે પૈકી ચાલુ વર્ષે અત્યાર સુધીમાં કુલ 27.81 હેક્ટર વિસ્તારમાં નવું વાવેતર કરવામાં આવ્યું છે. દેશમાં ખાદ્ય તેલની વધતી જતી માંગને પહોંચી વળવા માટે ઓઈલપામ એક શ્રેષ્ઠ વિકલ્પ તરીકે ઉભરી રહ્યો છે. આ યોજના હેઠળ ખેડૂતો અને સંસ્થાકીય જમીન ધારકોને વિવિધ સ્તરે આર્થિક સહાય આપવામાં આવે છે. જેમાં પ્લાન્ટિંગ મટીરીયલ માટે સ્વદેશી રોપા પર હેક્ટર દીઠ 20,000 અને આયાતી રોપા માટે 29,000 રૂપિયાની સહાયનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આંતરપાક અને ઈનપુટ્સ ખર્ચ માટે 4 વર્ષ સુધી હેક્ટર દીઠ 42,000 રૂપિયાની મદદ આપવામાં આવે છે. ખેતીના સાધનો અને માળખાગત સુવિધાઓ માટે પણ સરકાર દ્વારા વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. જેમાં 20 HP સુધીના મિની ટ્રેક્ટર અને ટ્રોલી માટે 2 લાખ રૂપિયા સુધીની સહાય તેમજ નવા બોરવેલ, પંપ સેટ કે વોટર હાર્વેસ્ટિંગ સ્ટ્રક્ચર બનાવવા માટે ખર્ચના 50 ટકા અથવા મહત્તમ 50,000 રૂપિયા પ્રતિ એકમની મર્યાદામાં સહાય મળવાપાત્ર છે. ખેડૂતોને તેમના ઉત્પાદનના યોગ્ય ભાવ મળી રહે તે માટે સરકાર દ્વારા સમયાંતરે ટેકાના ભાવ પણ નક્કી કરવામાં આવે છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225